# બજારમાં નારંગીની આવકમાં ઉછાળો

## વિટામિન સી થી ભરપુર નારંગીના જ્યુસની ડિમાન્ડ વધી





ગાંધી.તા.૧૮

શિયાળાની વિધિવત વિદાય બાદ ઉનાળાના પ્રારંભના દિવસોમાં હળવી રાહત બાદ હવે ગરમી અનુભવાઈ રહી છે. આગામી દિવસોમાં ઉનાળો ધીરે ધીરે તપતો જશે. ઉનાળાની ગરમીથી રાહત મેળવવા લોકો મૌસમી ફળોનો આરોગવા સહિત તેના રસનું પણ સેવન કરવા લાગ્યા છે. બજારમાં મૌસમી ફળોનું આગમન થયુ છે અને વેંચાણ પણ થવા લાગ્યુ છે. બજારમાં વિવિધ જગ્યાએ તરબૂચ, દ્રાક્ષ અને નારંગી સહિતના ફળોનું આગમન થયુ છે. નારંગી ની વાત કરીએ તો બજાર માં ઉપરાંત મોટા ટ્રક ભરીને નારંગી નું વેચાણ કરવામાં આવી છે.નારંગી ની આવકમાં ઉછાળો છે.નાની અને મોટી નારંગી નું જ્યુસ બનાવીને આરોગવામાં આવે છે. જ્યુસની લારીઓ અને દુકાનોમાં દુકાનદારો દ્વારા પણ આ ફળની મોટાપાયે ખરીદી કરવામાં આવી રહી છે.

આમ,ઉનાળા માં આ ફળ ની માંગ હજી પણ વધારે રહેશે તેવું વેપારીઓ નું કહેવું છે. જેના ફાયદા પણ અઢળક છે.

**રોગપ્રતિકારક શક્તિમાં વધારો**

નારંગીના જ્યુસમાં વિટામિન-સી અને એન્ટીઓક્સિડન્ટ ભરપૂર માત્રામાં હોય છે અને એ રોગપ્રતિકારક શક્તિ વધારવાનું કામ કરે છે. ઉનાળામાં રોગપ્રતિકારક શક્તિ વધારે હશે રોગચાળાના સંક્રમથી બચી શકાશે. તાવ, શરદી, ઉધરસ જેવી બીમારી સામે પણ રક્ષણ થશે.

**લોહીની કમી દૂર થશે**

નારંગીમાં વિટામિન-સીની સાથે સાથે આયર્ન અને વિટામિન-એ જેવા પોષક ત્તત્વો પણ હોય છે. આ પોષક ત્તત્વો હિમોગ્લોબિનનું સ્તર વધારવામાં ઉપયોગી સાબિત થઈ શકે છે. જો કોઈ વ્યક્તિ એનેમિયાની સમસ્યાનો સામનો કરી રહ્યો છે, તો નાસ્તામાં નારંગીના જ્યુસનું સેવન કરી શકે છે.

**વજન ઘટાડવામાં અસરકારક**

નારંગીમાં ફાયબર સારી માત્રામાં હોવાથી એ વજન ઘટાડવામાં પણ મદદગાર સાબિત થઈ શકે છે. લાંબા સમય સુધી ભેટ ભરાયેલો હોવાનો અનુભવ થવાથી જલ્દી ભૂખ લાગતી નથી. આ સિવાય નારંગીના જ્યુસમાં કેલરી પણ ઓછી હોય છે.

**ત્વચા માટે ફાયદાકારક**

નારંગીમાં હાજર વિટામિન-સી ત્વચાને નિખારવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. આમાં વૃદ્ધત્વ વિરોધી ગુણ પણ હોય છે. આ લોહીને સાફ કરે છે અને કરચલ્લીઓ જેવી સમસ્યાઓ સામે અસરકારક સાબિત થઈ શકે છે.

**હૃદય માટે ફાયદાકારક**

નારંગીના જ્યુસને હૃદય માટે ફાયદાકારક માનવામાં આવે છે. નારંગીના જ્યુસમાં વિટામિન બી૯ અને ફોલેટ જેવા પોષક તત્વો હોય છે, જે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદગાર સાબિત થઈ શકે છે. દરરોજ નારંગીનો રસ પીવાથી કોલેસ્ટ્રોલનું સ્તર પણ નિયંત્રણમાં રહેશે.

# આજથી હેપ્પી યુથ ક્લબ ગાંધીનગરમાં "હેપ્પી સ્પેરો વિક-૨૦૨૩" ઉજવાશે

**વિશ્વ ચકલી દિન નિમિત્તે પાંચ હજાર "ચકલી-ઘર"નું વિના મૂલ્યે વિતરણ કરાશે : વિવિધ સ્થળે જળ સિંચનની વ્યવસ્થા સાથે પક્ષી પરબોનું સ્થાપન કરાશે**

ગાંધીનગર, તાઃ ૧૮

ગાંધીનગરમાં હેપ્પી યૂથ ક્લબ દ્વારા સાત વિશ્વ ચકલી દિવસ નિમિત્તે "હેપ્પી સ્પેરો વીક"નું આયોજન કરવામાં આવ્યું છે. હેપ્પી સ્પેરો વીકનો પ્રારંભ તા. ૧૯મી માર્ચથી થશે જે તા.૩૧મી માર્ચ સુધી ઉજવાશે જેમાં શહેરમાં આશરે ૫ હજાર કરતા વધુ હેપ્પી ચકલી ઘરનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના સંકુલમાં તથા જાહેર સ્થળો ખાતે સમગ્ર ઉનાળામાં નિયમિત જળ સિંચન થાય તેવી વ્યવસ્થા સાથે માટીના કુંડાની પક્ષી પરબોનું સ્થાપન કરાશે. શહેરની કેટલીક પ્રાથમિક શાળાના બાળકોને વિના મૂલ્યે નકામા ખોખા કે પુંઠાના બોક્સમાંથી ચકલી ઘર બનાવવાવનું શિખવાડવામાં આવશે જેનો ઉદ્દેશ બાળકોને વૃક્ષો અને ચકલી જેવા પક્ષીઓના યોગદાન અંગે સમજ આપી બાળકોમાં પર્યાવરણના જતનની ભાવના કેળવાય તે માટે પ્રયાસ કરવામાં આવશે.

"હેપ્પી સ્પેરો વીક"ના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર રાજુભાઈ મકવાણાએ જણાવ્યુ છે કે "આશરે ૧૩ વર્ષ પૂર્વે તેમના ઘરે માળો બનાવવા કાર્યરત એક ચકલી અકસ્માતે પંખામાં આવી જતાં કરૂણ મોતને ભેટી હતી. આ ઘટનાએ મારા હદયને હચમચાવી મૂક્યું હતુ ત્યારથી મે નક્કી કર્યું હતું કે હું ચકલી સહિતના નાના પંખીઓના સલામત વસવાટ માટે મારાથી બનતા પ્રયત્નો કરીશ અને ત્યારથી હું દર વર્ષે વિશ્વ ચકલી દિવસે "ચકલી-ઘર"નું વિના મૂલ્યે વિતરણ કરું છુ. છેલ્લા સાત વર્ષથી હું હેપ્પી યૂથ ક્લબ સાથે જોડાઈને આ કાર્ય કરું છુ જેમાં અમે આખું "હેપ્પી સ્પેરો વીક" ઉજવીએ છીએ. "હેપ્પી સ્પેરો વિક" દરમ્યાન હેપ્પી યુથ કલબ દ્વારા શહેરમાં આશરે પાંચ હજાર "હેપ્પી ચકલી ઘર"નું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે તેમજ સ્વયંસેવકોની ટીમો બનાવી શહેરના વિવિધ શૈક્ષણિક સંકુલો તથા કેટલાક જાહેર સ્થળો ખાતે આવનાર ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓની તરસ છીપાય તે હેતુથી પક્ષી પરબનું સ્થાપન કરવામાં આવશે તેમજ તેમાં નિયમિત જળસિંચનની કાળજી લેવાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે."



### હેપ્પી ચકલી ઘરનું વિતરણ ક્યાં અને ક્યારે?

**વિતરણ સમય : દરરોજ સવારે ૮:૩૦ થી ૧૦ વાગ્યા સુધી**

- તા.૧૯મી માર્ચ, રવિવાર : પંચદેવ મંદિર, સેક્ટર-૨૨
- તા.૨૦મી માર્ચ, સોમવાર : પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬
- તા.૨૧મી માર્ચ, મંગળવાર : શ્રી નીલકંઠ મહાદેવ(હડમતિયા)નું મંદિર, સરગાસણ ટીપી-૯
- તા.૨૨મી માર્ચ, બુધવાર : સરદાર સર્કલ પાસે, કુડાસણ
- તા.૨૩મી માર્ચ, ગુરુવાર : જન ઔષધી કેન્દ્ર પાસે, રોડ નં.૬, સે-૨૪
- તા.૨૪મી માર્ચ, શુક્રવાર : જોગણી માતાનું મંદિર, શાંતિનગર સોસાયટી પાસે, વાવોલ
- તા.૨૫મી માર્ચ, શનિવાર : રાજવી ફૂડ કોર્નર, પ્રતિક મોલ, કુડાસણ
- તા.૨૬મી માર્ચ, રવિવાર : ગાયત્રી મંદિર પાસે, સેક્ટર - ૧
- તા.૨૭મી માર્ચ, સોમવાર : ઓમકારેશ્વર મંદિર પાસે, સેક્ટર-૪
- તા.૨૮મી માર્ચ, મંગળવાર : સોમનાથ સોસાયટી પાસે, પેથાપુર
- તા.૨૯મી માર્ચ, બુધવાર : ગુપ્તા કોમ્પ્લેક્સ સેક્ટર -૧૪
- તા.૩૦મી માર્ચ, ગુરુવાર : શ્રી જલારામ ધામ, સેક્ટર-૨૯
- તા.૩૧મી માર્ચ, શુક્રવાર : સ્વામિનારાયણ મંદિર પાસે, સેક્ટર – ૨



ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્મેન્ટ, મુંબઇ દ્વારા ભારત સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગના માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકાઓના ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓની તાલીમનું આયોજન સંસ્થા તરફથી સમયાનુસાર કરવામાં આવે છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના લોકપ્રતિનિધિઓનો તા. ૧૭ થી ૧૯ માર્ચ ૨૦૨૩ ત્રણ દિવસીય "સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ક્લાયમેટ ચેન્જ ઈનીસીએટિવસ એનર્જી એફિશિયન્સી એન્ડ એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ" વિષય પર ઉદયપુર ખાતે વર્કશોપનું તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ તથા નગરસેવકશ્રીઓ વર્કશોપમાં ઉપસ્થિત રહીને મહાનગરપાલિકાના વિકાસની ચર્ચા વિચારણા તેમજ આધુનિક જાણકારી અંગેની તાલીમ મેળવી રહ્યા છે. જેનો લાભ આવનારા સમયમાં ગાંધીનગર મહાનગરપાલિકાને મળશે.

## આજે કુડાસણમાં રક્તદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લોહીની જરૂરિયાતને પહોંચી વળવા માટે તા.૧૯મી માર્ચ, રવિવારના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૩.૦૦ કલાક દરમ્યાન કુડાસણમાં સેવન વન્ડર્સ હોટેલ ખાતે મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવ"નું આયોજન કરવામાં આવ્યુંછે. જેમાં એકત્રિત કરવામાં આવેલ રક્તને "ગાંધીનગર સિવિલ હોસ્પિટલ" મારફતે જરૂરિયાતમંદ દર્દીઓ સુધી વિના મૂલ્યે પહોંચાડવામાં આવશે.

# સંસ્કૃતિ કુંજ ના કાર્યક્રમો રદ કરવામાં આવ્યા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર ની આગવી ઓળખ બની ગયેલ સંસ્કૃતિકુંજ મા સમી સાંજે વરસાદ વરસતા કાયઁકમો બંધ રાખવામા આવ્યા.

દેશભર ના વિવિધ રાજ્યો ના કલાકારો પોતાના પ્રદેશના નૃત્યો અને કલા દ્વારા આ સંસ્કૃતિકુંજ ના પ્લેટફોમ પર રજુ કરી રહ્યા છે.

ગુજરાતના નામી કલાકારો આ સંસ્કૃતિકુંજ માં ડાયરા અને કલા દ્વારા પીરસી રહ્યા છે એક સપ્તાહ થી વિવિધ કાયઁકમો ત્યારે સમી સાંજે વરસાદ પડતા વસંતોત્સવ ના કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે.

શનિવાર અને રવિવાર ની રજા માં કલા રસિકો એ મન બનાવી લીધું હતું કે રજા ના દિવસે વસંતોત્સવ ની મજા માણવા આવશ્યક જઈશું પરંતુ વરસાદી જાપટા એ સૌ કોઈ ની મજા બગડી છે.

દૂર દૂર ના રાજ્યો માંથી આવેલા લોકો પણ વરસાદ ના કારણે નિરાશ બન્યા છે.

# ભાગ્યેશ જહાની કેન્દ્રીય અકાદમીમાં ગુજરાતી ભાષા કમિટીના કન્વીનર તરીકે નિમણુંક



ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાની કેન્દ્રિય સાહિત્ય અકાદમી દિલ્હીમાં (૨૦૨૩-૨૭)ની જનરલ કાઉન્સીલમાં ગુજરાતી ભાષા સાહિત્ય તરફથી નિમણુંક થઈ છે.તેથી વધીને દિલ્હી ખાતે મળેલ જનરલ કાઉન્સીલની મિટીંગમાં ભાગ્યેશ જહાને ગુજરાતી ભાષા એડવાઈઝરી સમિતિના કન્વીનર તરીકે પણ સર્વાનુમતે વરણી કરવામાં આવતાં સાહિત્યકારોમાં ખુશીની લાગણી છવાઈ છે.

# પાટનગર યોજના વિભાગમાં ૩૦ જુનિયર કલાર્કની ભરતી થતા તંત્રને હાશકારો

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં પાણી ગટર , સ્ટ્રીટ લાઈટ અને મુખ્યમાર્ગો સહીત સરકારી આવાસોની જાળવણીની જવાબદારી સંભાળતા પાટનગર યોજના વિભાગની પરેશાની છેલ્લા કેટલાક સમયથી વધી છે. એકબાજુ સમયસર ગ્રાન્ટ ન મળતા તંત્ર આર્થિક ભીંસમાં મુકાયુ છે જયારે બીજીતરફ મેન પાવરના અભાવે પણ કામગીરી પર આડઅસર વર્તાઈ રહી છે. લાંબા સમયથી સિનિયર જુનિયર કલાર્ક સહીતની વિવિધ જગ્યાઓ ખાલી હોવાથી વહીવટી કામગીરી પ્રભાવિત હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો હતો જો કે થોડા દિવસ અગાઉ પાટનગર યોજનાની વિવિધ ડિવીઝનલ કચેરીઅમાં ૩૦ જુનિયર કલાર્કની ભરતી કરવામાં આવી છે. શહેરમાં પાણી ગટરની સેવા ઉપરાંત મુખ્યમાર્ગોની જાળવણીનુ કામ હાલ પાટનગર યોજના વિભાગ હસ્તક છે. શહેરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોમાં સ્થિત લગ્નવાડીઓ અને રંગમંચ તેમજ સેકટરોના આંતરિક માર્ગોની જવાબદારી હવે કોર્પોરેશનને સોંપી દેવામાં આવી છે. જયારે હાલ નવા આવાસો બાંધવા સહીત સેકટરોમાં સ્થિત સરકારી આવાસોની જાળવણી પણ પાટનગર યોજના વિભાગ કરે છે. ત્યારે પાટનગર યોજના વિભાગમાં લાંબા સમયથી મેન પાવરનો અભાવ છે. જેના લીધે અનેકવિધ વિકાસ કામો તેમજ માળખાગત સુવિધાના કામોને વેગ મળતો નથી. પાટનગર યોજના વિભાગની વિવિધ ડિવીઝનલ કચેરીઓમાં જુનિયર સિનિયર કલાર્ક સહીત વર્કચાર્જની જગ્યાઓ પણ લાંબા સમયથી ભરાતી ન હોવાથી મેન પાવરના અભાવે વહીવટી કામગીરી પણ પ્રભાવિત હોવાની બુમ અનેકવાર ઉઠવા પામે છે. જયારે ઘણીવાર કાર્યપાલક ઈજનેર અને નાયબ કાર્યપાલક ઈજનેરની જગ્યાઓ પણ લાંબા સમય સુધી ચાર્જમાં કાર્યરત હોવાથી કામગીરીમાં ઝડપ ન આવતી હોવાનો કકળાટ પણ ઉઠવા પામે છે. છેલ્લા કેટલાક સમયથી પાટનગર યોજના વિભાગની કચેરી સમસ્યાઓથી ઘેરાયેલી છે. એકબાજુ મેનપાવરનો પણ અભાવ છે ત્યારે બીજીતરફ ગ્રાન્ટના અભાવે નાંણાની ફાળવણી પણ સમયસર ન થતા કોન્ટ્રાકટરોની મુંઝવણ પણ વધી છે. આવા સંજોગોમાં આ મામલે અનેકવાર વિભાગના વડાઓને પણ રજુઆત પણ કરવામાં આવી છે. જયારે થોડા દિવસ અગાઉ પાટનગર યોજના ભવનમાં અંદાજિત ૩૦ જેટલા જુનિયર કલાર્કને નિમણુંક આપવામાં આવી છે. વિવિધ ડિવીઝન કચેરીને જુનિયર કલાર્કની ફાળવણી કરવામાં આવતા લાંબા સમયથી ઘટની સમસ્યાનો પ્રમાણમાં નિકાલ થયો છે. પરંતુ હજુ પણ જરૂરી મેન પાવરનો અભાવ હોવાનો આક્રોશ પણ પ્રબળ છે. ત્યારે પાટનગર યોજના ભવનની વિવિધ ડિવીઝનલ કચેરીઓમાં નવા કામોની સામે જાળવણીની કામગીરી વધુ રહેતી હોવાથી મેનપાવરની આવશ્યકતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

# સિનિયર સિટીજન્સ કાઉન્સિલ મહિલા પાંખ દ્વારા 'માવતર'ની મુલાકાત



ગાંધીનગર, તા. ૧૮

સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે ગાંધીનગરની સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની મહિલા પાંખે તાજેતરમાં ડભોડાની 'માવતર' વૃધ્ધાશ્રમની મુલાકાત લઈ વડીલોના ખબર-અંતર પૂછી ભજન સંધ્યાનું આયોજન કરી ખુશીની આપ-લે કરી હતી. પ્રસાદના ભાગરૂપે ગાંઠીયા-બુંદીના પ્રસાદ સાથે બે-બે નેપકીનની ભેટ આપી હતી. 'માવતર' સંસ્થાના બધા વડીલોના આશિર્વાદ મેળવી મહિલા પાંખની બહેનો પણ ખુશ થઈ હતી. સિ.સિ.કા.ના મહિલા પાંખના કન્વીનર કુસુમબેન જોષી સાથે સંસ્થાના ઉત્સાહી બહેનોએ આ સત્કાર્યમાં તન-મન-ધનથી યોગદાન આપ્યું હતું.

# સિવિલ હોસ્પિટલમાં નિઃશુલ્ક આહાર કેન્દ્રનો અમિતભાઈ શાહના હસ્તે શુભારંભ






ગાંધીનગર, તા. ૧૮

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તેમજ ગાંધીનગર લોકસભાના સાંસદ અમિતભાઈ શાહના હસ્તે આજે સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે દર્દીઓના સગા-સબંધીઓને કેમ્પસમાં જ ગુણવતાયુક્ત ભોજન મળી રહે તેવા ઉમદા હેતુથી 'નિઃશુલ્ક આહાર કેન્દ્ર'નો શુભારંભ કરાવામાં આવ્યો હતો. આ પ્રસંગે આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીયમંત્રી શાહે ભોજનશાળાની રૂબરૂ મુલાકાત કરી તેમાં તૈયાર કરવામાં આવતા ભોજન સહિતની વિવિધ સુવિધાઓનું તલસ્પર્શી નિરીક્ષણ કરીને દર્દીઓના સગાઓ સાથે સંવાદ કર્યો હતો. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહની પ્રેરણાથી તુલસી વલ્લભ નિધિ દ્વારા શરૂ કરાયેલા આ નિઃશુલ્ક ભોજન કેન્દ્રમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓના સગા-સબંધીઓને સપ્તાહ દરમિયાન બે ટાઈમ અનલિમિટેડ પૌષ્ટિક ભોજન મળી રહેશે. આ આહાર કેન્દ્રમાં સવારે એટલે કે ૧૧થી બપોરે ૧ કલાક દરમિયાન સ્વાદિષ્ટ ભોજનમાં રોટલી, શાક અને દાળ-ભાત તેમજ સાંજે ૬ થી ૭.૩૦ કલાક દરમિયાન કઢી અને ખીચડી પીરસવામાં આવશે. નિઃશુલ્ક આહાર કેન્દ્ર લોકાર્પણ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ, ગાંધીનગર મહાનગરપાલિકાના પદાધિકારીઓ, સિવિલ હોસ્પિટલના તબીબો-કર્મચારીઓ સહીત દર્દીઓના સગાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત સાયન્સ સિટીમાં લેમન શાર્ક મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બનશે

**સાયન્સ સિટીની એક્વેટિક ગેલેરીમાં ૬ ફુટ લાંબી ૩ લેમન શાર્કનો સમાવેશ કરાયો**



ગાંધીનગર તા.૧૮

હવે ગુજરાત સાયન્સ સીટીમાં ૬ ફુટ લાંબી ત્રણ લેમન શાર્કને લાવવામાં આવી છે. આ શાર્કને એકવેટિક ગેલેરીમાં મુખ્ય શાર્ક ટનલમાં પ્રદર્શિત કરવામાં આવી છે. આ શાર્કની ઓળખ તેના લીલાશ પડતા પીળા રંગની હોવાથી તેને લેમન શાર્ક તરીકે ઓળખવામાં આવે છે, તે અન્ય શાર્કની સરખામણીએ સ્વભાવે શાંત હોય છે. આ શાર્ક મુખ્યત્વે એટલાન્ટિક અને પ્રશાંત મહાસાગરના છીછરા દરિયાઈ વિસ્તારોમાં જ જોવા મળે છે અને તેનું વજન ૨૫૦ કિલોગ્રામ જેટલું હોઈ શકે છે. આ શાર્ક આવનારા સમયમાં આઠથી દસ ફુટ સુધી મોટી થશે. ભારતમાં આ પ્રજાતિની શાર્ક માત્ર ગુજરાત સાયન્સ સીટી ખાતે જ જોવા મળી શકશે. આવનારા સમયમાં આ શાર્ક મુલાકાતીઓમાં આકર્ષણનું કેન્દ્ર બની રહેશે એવી અપેક્ષા છે.

ગુજરાત સાયન્સ સિટીમાં દેશની સર્વશ્રેષ્ઠ એકવેટિક ગેલેરી આવેલી છે. આ ગેલેરી ૧૫ હજાર સ્કેવર મીટરના વિસ્તારમાં પથરાયેલ અધતન ગેલેરી છે, જે ૨૮ મીટર લાંબી વોકવે ટનલ અને વિશાળ સમુદ્રીગૃહ દ્વારા નવીન અને યાદગાર અનુભવ સાથે દરિયાઈ જીવસૃષ્ટિ અને જળજીવોને જાણવા અને માણવાની તક આપે છે.

આ માત્ર દેશનું જ નહીં પરંતુ એશિયાના ટોચના એકવેરિયમો પૈકીનું એક છે. ગેલેરીમાં ૭૨ નિદર્શન ટેક્ર છે, નાનીથી વિશાળ સાઈઝની આ ટેક્રોમાં વિશ્વભરની વિવિધ જળચર પ્રજાતિઓનો સમાવેશ છે. વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓ ૧૮૧ જળ પ્રજાતિઓનું નિદર્શન કરી શકે છે જેમાં ભારતીય, એશિયન, આફ્રિકન, અમેરિકન અને વિશ્વની અન્ય જળચર પ્રજાતિઓનો સમાવેશ છે. ગેલેરીમાં બાળકો અને મોટાઓ માટે સ્પર્શ કરી જાત શૈક્ષણિક અનુભવ મેળવી શકે તે માટે ટચ પુલ્સ પણ છે. સાયન્સ સીટી ખાતેની એકવેટિક ગેલેરીમાં આ ઉપરાંત અન્ય ૧૮૦ પ્રકારના જળચર જીવો જોવા મળે છે જેમાં આફ્રિકન પેંગ્વિનનો સમાવેશ પણ થાય છે. તમામ વયના મુલાકાતીઓને જળચર પ્રાણીઓ વિષે જાણવાનું ગમશે અને શાર્ક તો એક અનોખુ પ્રાણી છે. જૈવવિવિધતાની ચર્ચા કરવાનો અને બાળકો તથા સામાન્ય નાગરિકોને પ્રાણીઓના વસવાટ વિષે શીખવવાનો આ એક અદભૂત માર્ગ છે. આગામી સમયમાં ગુજરાત સાયન્સ સિટી દ્વારા શાર્ક વિષે જાગૃતિ અને શિક્ષણ માટે વિવિધ કાર્યક્રમો અને આઉટરીચ પ્રવૃતિઓ દ્વારા હાથ ધરાશે.